PROશ્રી

**વંચાણે લીધા :- પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના નીચે જણાવેલ જાહેરનામાં ક્રમાંક:**

(૧) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૧૪/૨૦૧૪ તા.૧૯/૦૬/૨૦૧૪
(૨) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૯૪/૨૦૧૬ તા.૨૮/૦૯/૨૦૧૬
(૩) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૧૩/૨૦૧૭ તા.૧૫/૦૪/૨૦૧૭
(૪) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૩૪/૨૦૧૭ તા.૨૩/૧૨/૨૦૧૭
(૫) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૩૧/૨૦૧૮ તા.૨૬/૯/૨૦૧૮
(૬) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૧૨/૨૦૧૯ તા.૨૭/૫/૨૦૧૯

**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૪૫ /૨૦૧૯**

**તા.૧૫/૧૦/૨૦૧૯**

હું,એ.કે.સિંઘ, **IPS**, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નીચે જણાવ્યા મુજબની વિગતે ગુજરાત ટુરીસ્ટ વ્હીકલ ઓપરેટર્સ એસોસીએશની માંગણીઓને ધ્યાને લઇ આમુખ (૫) થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં અશંત: નીચે મુજબ સુધારા હુકમ કરુ છું.

**<u>સુધારા હુકમ</u> :-**

અમદાવાદ શહેર વિસ્તારમાં ભારે તથા મધ્યમ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર આમુખ (૫) માં જણાવેલ જાહેરનામું શરતો અને હુકમને આધિન યથાવત રાખવામાં આવે છે. પરંતુ તેમાં આંશિક સુધારો કરવામાં આવે છે. જેમાં અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતા પેસેન્જર વાહનો/મિની બસ કે જેની સીટીંગ કેપીસીટી **કૂલ-૩૩** સુધીની હોય તેવી ક્ષમતાવાળા પેસેન્જર વાહનો (પેસેન્જર ક્ષમતા અંગેની નોંધ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ બુકમાં જણાવેલ હોય છે) શહેરની અંદર પ્રવેશ કરી શકશે. (સ્લીપીંગ અંગેની સુવિધા સિવાયના)

તેમજ ૩૩-પેસેન્જરથી વધુ ક્ષમતાવાળા તમામ પ્રકારના પેસેન્જર વાહનોની શહેરમાં અવર-જવર કરવા ઉપર સવાર કલાક ૭.૦૦ થી ૨૩.૦૦ દરમિયાન પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ સુધારા જાહેરનામાનો અમલ તા.૧૭/૧૦/૨૦૧૯ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ સુધારા જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫/૧૦/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૫/૧૦/૨૦૧૯
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના</u> :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.